ભગવાનમાં ન માનતો માણસ માનવતામાં માને તો ભગવાનને એથી અધિક બીજું શું જોઇએ?
- મોરારિ બાપુ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૫૫ ૧૧ માર્ચ, ૨૦૧૫, બુધવાર ; ફાગણ વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## જિલ્લામાં સર્વશિક્ષા અભિયાન માટે ૧૧.૭૩ કરોડ ખર્ચાશે

### ચાલુ વર્ષ કરતાં ૨૭ ટકા રકમ વધુ ફાળવવામાં આવી : બાળકો અને દિકરીઓ માટે અલાયદા ટોયલેટ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ૨૦૧૫-૧૬ના નાણાંકીય વર્ષમાં રૂ. ૧૧.૭૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગત વર્ષ કરતાં આ વર્ષે જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન માટે ૨૭ ટકા જેટલા નાણાં વધુ ફાળવવામાં આવ્યા છે. જે જિલ્લા માટે એક ગૌરવરૂપ કહી શકાય.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર બે થી ત્રણ વર્ગની શાળા હોય ત્યાં ગ્રાઉન્ડ ફ્લોર પર જ નવા વર્ગખંડ બાંધવા માટે રૂ. ૨ કરોડ રૂ., ચાર કરતા વધુ વર્ગખંડવાળી શાળાઓમાં બહુમાળી ક્લાસરૂમ બનાવવા માટે રૂ. ૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.

જિલ્લામાં ૧૧૪ જેટલા ટોઈલેટ યુરિનલની સુવિધા સાથે બાળકો માટે અલગ બનાવવામાં આવશે. આ ઉપરાંત દિકરીઓ માટે પણ અલગ ટોઈલેટ ૭૫ જેટલા બાંધવામાં આવશે.

જિલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષમાં ૮૦ થી પણ વધુ નવા વર્ગખંડોના નિર્માણની કામગીરી કરવામાં આવી રહી છે જે આ માસના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં બે જેટલી શાળાઓ જે જુની પુરાણી થઈ છે તેના નવનિર્માણ માટે પણ આ બજેટમાં ટોકન જોગવાઈ કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૧૪૪ જેટલી શાળાઓમાં હજુ વર્ગખંડની ઘટ છે. સર્વ શિક્ષા અભિયાન દ્વારા વર્ગખંડો ઝડપથી બનાવવા માટેનું ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે ૮૦ જેટલા વર્ગખંડો નિર્માણાધીન છે તેનું લોકાર્પણ પણ ઝડપથી થાય તે દિશામાં તંત્ર દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

જિલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ૨૦૦ જેટલી શાળાઓએ ૧૦૦ વર્ષ કરતાં વધુ જુની હોવાનું પણ જણાયુ છે. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ સમિતિ પણ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ પર વિશેષ ભાર મુકી આગળ વધી રહેલ છે.

## આવતીકાલથી ધો. ૧૦-૧૨ની પરીક્ષા આરંભાશે

### જિલ્લામાંથી ૫૦,૨૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વસુબેન ત્રિવેદી, નાનુભાઈ વાનાણી વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી પરીક્ષાનો પ્રારંભ કરાવશે : કન્ટ્રોલરૂમ અને હેલ્પલાઈન શરૂ : વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ગ્રાઉન્ડ ફ્લોર પર બેઠક વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૧૦

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો તા. ૧૨ માર્ચથી પ્રારંભ થશે. જિલ્લામાંથી ૫૦,૨૪૦ વિદ્યાર્થીઓ બોર્ડની કસોટી આપશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તેમજ વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને તનાવમુક્ત માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તમામ આયોજન કરી દેવાયું છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યકક્ષાના મંત્રી વસુબેન ત્રિવેદી અને નાનુભાઈ વાનાણી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરાવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા. ૧૨ માર્ચથી શરૂ થનારી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં જિલ્લામાંથી ૫૦,૨૪૦ વિદ્યાર્થીઓ હાજરી આપશે. ધો. ૧૦માં ૭૮ પરીક્ષા સ્થળો, ૨૮ કેન્દ્રો તેમજ ૧૦૪૯ બ્લોકમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં ૩૧૪૭૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશએ. જ્યારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૨ કેન્દ્રો અને ૪૨ પરીક્ષા સ્થળો તેમજ ૪૩૯ બ્લોકમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૩૧૭૦ વિદ્યાર્થીઓ હાજરી આપશે. આ ઉપરાંત ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૪ કેન્દ્રો, ૨૪ પરીક્ષા સ્થળો અને ૨૮૩ બ્લોકમાં ૫૬૦૦ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની બેઠક વ્યવસ્થા નિયત

● અનુસંધાન પાન-૭ પર

### પરીક્ષા કેન્દ્રો પર 'હેલ્થ ડેસ્ક'

સ્વાઈન ફ્લુના રોગચાળાને ધ્યાને લઈ ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો પર 'હેલ્થ ડેસ્ક'ની વ્યવસ્થા કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડના જણાવ્યા મુજબ કફ, શરદી, તાવથી ડર્યા વગર વિદ્યાર્થીઓ શાંતિથી પરીક્ષા આપે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ મામલે સ્થળ સંચાલકોને શાળાના મેદાનથી લઈ પાણીની ટાંકીને યોગ્ય સફાઈ વ્યવસ્થા કરવા ઉપરાંત શાળાના કમ્પાઉન્ડમાં પ્રવેશ દ્વાર પાસે હેલ્થ ડેસ્ક ઉભું કરવા પણ સૂચના આપવામાં આવી છે. જિલ્લા આરોગ્યતંત્ર તેમજ કોર્પોરેશનના મેડીકલ ઓફીસરના સંપર્કમાં રહી માસ્ક તેમજ હેન્ડ સેનીટાઈઝરની વ્યવસ્થા કરવા પણ જણાવી દેવાયું છે. શરદી તાવવાળા વિદ્યાર્થીઓને માસ્ક આપવામાં આવશે. હેલ્થ ડેસ્ક ઉપર શિક્ષક જવાબદારી સંભાળશે.



(તસવીર : દિપક જાની)

### પરીક્ષાર્થીઓ આજે બેઠક વ્યવસ્થા જોઈ શકશે

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી પરીક્ષાર્થીઓ તા. ૧૧ માર્ચના રોજ તેમની બેઠક વ્યવસ્થા અંગે જાણકારી મેળવી શકશે. તમામ પરીક્ષા સ્થળોએ બુધવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન નોટીસ બોર્ડ પરથી નંબર આધારિત બેઠક વ્યવસ્થા જાણી શકશે જયારે પરીક્ષાર્થીઓ કે વાલીઓને આ દરમિયાન વર્ગખંડમાં પ્રવેશ આપવામાં નહીં આવે તેમ પણ જણાવાયું છે.





ધો-૧૦ અને ૧૨ ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે સાવચેતીનાં પગલાં

સ્વાઈન ફલૂ...

ગભરાશો નહીં, સાવચેત બનીએ

પરીક્ષાર્થીઓ માટે સરકારે કરેલી વ્યવસ્થા
- દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર માસ્ક અને સેનેટાઈઝરની વ્યવસ્થા
- દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર સફાઈની ખાસ વ્યવસ્થા
- રોગ પ્રતિકારક ક્ષમતા વધારનારી આયુર્વેદિક-હોમિયોપેથીક દવાઓનું વિતરણ

ફલૂના લક્ષણો ધરાવતા વિદ્યાર્થી-શિક્ષકે માસ્ક પહેરવું ફરજીયાત

સાવચેતી....
- જાહેરમાં થૂંકવું નહી.
- ઉધરસ કે છીંક વેળા મોઢું અને નાકને રુમાલથી ઢાંકો.
- ભીડ-ભાડવાળી જગ્યાએ જવાનું ટાળો.
- સાબુ અને પાણીથી હાથ વારંવાર ધુઓ.
- ખુબ પાણી પીઓ, પોષ્ટીક આહાર અને પુરતી ઊંઘ લો, ઉજાગરા ન કરો.

સ્વાઈન ફલૂના ૪૫૭૨થી વધારે પોઝીટીવ દર્દીઓને સારવાર બાદ સાજા થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે.

માહિતી/૪૨(૨)/૨૦૧૪-૧૫

વિનામુલ્યે નિદાન, દવા અને તમામ સારવાર માટે સરકારી આરોગ્ય કેન્દ્ર, હોસ્પીટલો સુસજ્જ

ગુજરાત સરકાર દ્વારા જનહિતાર્થે


## આજથી ઓલ ઈન્ડિયા પોલીસ કોંગ્રેસ

### સાયબર સુરક્ષા કવચ વેબસાઈટનું લોન્ચીંગ થશે : ડીટેશનથી માંડીને પબ્લીક કોમ્યુનીકેશન સહિતના વિવિધ બેટ પ્રોજેક્ટસ શેરીંગ કરાશે : વિવિધ રાજયોની પોલીસ, કેન્દ્રીય દળો, એફએસએલ પ્રોજેક્ટ શેર કરશે

ગાંધીનગર, તા.૧૦

બ્યુરો ઓફ પોલીસ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (બીપીઆર એન્ડડી) દ્વારા દર વર્ષે ઓલ ઈન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસનું આયોજન થાય છે. આ કોન્ફરન્સમાં દેશનાં વિવિધ રાજયોના પોલીસ દળો, કેન્દ્રીય પોલીસ દળો, એનએફએસએલ તરફથી પેપર્સ રજુ કરવામાં આવે છે જેની ચકાસણી તેમજ સીલેકશન બી.પી.આર.એન્ડ ડી તરફથી થાય છે. ૪૪મી ઓલ ઈન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસનું આયોજન ૧૧ થી ૧૩ માર્ચ સુધી ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે કરવામાં આવ્યું છે.ગુજરાતમાં અગાઉ વર્ષ ૨૦૦૫માં આ કોન્ફરન્સનું આયોજન થયું હતું. જેમાં જુદી જુદી પોલીસ એજન્સીઓ તરફથી અને સુરક્ષા તેમજ પોલીસ આધુનિકરણ સાથે જોડાયેલા ઉદ્યોગો તરફથી તેમની પ્રોડકટસ રજુ થશે.

દેશમાં વિકાસની સાથે સાથે ક્રાઈમ્સ પણ વધી રહ્યા છે અને કેટલાક ક્રાઈમ્સ તો પોલીસ માટે પણ ખુબ પડકારરૂપ બની જાય છે. ગુનેગારો આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરીને ગુનો આચરે ત્યારે આપણી પોલીસ તાલીમ અને જ્ઞાનને અભાવે આવા ગુનામાં થોથવાઈ જાય છે. આધુનિકતા સામે કદમથી કદમ મિલાવી અન્ય રાજયોની પોલીસની ડીટેકશન મેથડ

● અનુસંધાન પાન-૭ પર


અભિનંદન



શ્રી આશિષકુમાર દવે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર શ્રી આશિષકુમાર દવેની ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષ તરીકે થયેલ નિમણુંકને હર્ષથી વધાવીએ છીએ અને તેમના કાર્યોથી ગાંધીનગર, ગુજરાત અને સમગ્ર દેશને યથ પ્રાપ્ત થાય તેવી ભગવાન શ્રી સોમનાથને પ્રાર્થના કરીએ છીએ....

શ્રીમતી પ્રતિભાબેન દવે, પ્રમુખ
શ્રીમતી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય, મહામંત્રી
અને કારોબારી સભ્યો


### જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૩ કેસ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૩ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૯૨ પર પહોંચી છે.

આજે નોંધાયેલા ૩ કેસોમાં ૨ કેસ ગાંધીનગર તાલુકાના છે અને એક કેસ દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયો છે.

જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર આજે વધુ ૨ દર્દી સંપૂર્ણ સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લામાં હાલ ૨૦ દર્દીઓ સારવાર હેઠળ છે. જે પૈકી ૨ દર્દી વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યામાં ઘટાડો આજે નોંધાયો છે. જો કે છેલ્લા એક સપ્તાહથી આ સિલસિલો ચાલી રહ્યાનું તંત્રના સૂત્રો જણાવી રહ્યા છે. તંત્રના અધિકારીઓ પરિસ્થિતિમાં ઝડપથી સુધારો થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યો છે.




ગિરીશભાઈ ઓ. રાવલ
મહામંત્રી
ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ

શુભેચ્છા સંદેશ

શુભકામનાઓ



ધો.-૧૦ અને ધો.-૧૨ની માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં બેસનાર તમામ વિદ્યાર્થીઓને જવલંત સફળતા મળે તેવી હાર્દિક શુભકામનાઓ


